જન્મદિને વધામણી

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય

બિપીનચંદ્ર ભાલચંદ્ર જોષી
ફોન : ૨૩૨૩૫૭૪૨



ભારતીબેન પી પરમાર
સેક્રેટરી, સરગમ મ્યુઝીક સ્કૂલ

સુરેશ અરવિંદ પાલકર
ટેક્સ કન્સલ્ટન્ટ
મો. ૯૯૯૦ ૬૦૭૧૧

દિશા દેવનભાઈ જથી
મો. ૯૯૨૪૦ ૦૦૨૪૪

રમેશભાઈ એમ પરમાર
સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ

હિરેન રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧

મનીષા હેમંતકુમાર નાયી
મો. ૯૫૭૪૪ ૩૨૮૫૧

તસ્વીર શિલ્પેશભાઈ પરમાર

ઈડીઆઈઆઈના પીજી ડિપ્લોમા પ્રોગ્રામ્સનો પદવીદાન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈઆઈ)નો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ્સનો ૧૭મો પદવીદાન સમારંભ તા. ૦૬મે, ૨૦૧૬ના રોજ સંસ્થાનના સંકુલમાં યોજાયો હતો. પદવીદાન સમારંભના અધ્યક્ષ સ્થાને ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલી ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલના હસ્તે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું ગોલ્ડ મેડલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં રાજયપાલે જણાવ્યું હતું કે, તમારી પેઢીના ઉદ્યોગસાહિસકો ઘણા ભાગ્યશાળી છે, કારણ કે, સરકારની નીતિઓ સ્ટાર્ટ-અપ્સ માટે પ્રોત્સાહજનક છે. ધંધો કરવા માટે દેશમાં મુક્ત વાતાવરણ છે. ઉદ્યોગસાહસિકો પાસે વિશ્વકક્ષાની ટેકનોલોજી અને માર્કેટ છે. વૈશ્વિક અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે. જે વ્યક્તિ પોતાનો બિઝનેસ ઉભો કરવા માટે સંકલ્પબધ્ધ છે, તેમના માટે સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી પોલીસી ઘણી મદદરૂપ બની શકે છે. રાજયપાલ ઓ.પી.કોહલીએ ખાનગી ક્ષેત્રે સખ્ત મહેનત કરીને વિશ્વ કક્ષાએ દેશને ગૌરવ અપાવનાર ધીરૂભાઇ અંબાણી, કરશનભાઈ પટેલ, ડૉ. કુરિયન, નારાયણ મૂર્તિ, અઝીમ પ્રેમજી જેવા વ્યક્તિઓની દૃષ્ટાંત રૂપ વાત કરીને વિદ્યાર્થીઓને પોતાની તાલીમનો મહત્તમ ઉપયોગ કરીને બિઝનેસ ઉભો કરવાનું સપનું સાકાર કરવા સખત મહેનત કરવાનું ભારપુર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત ટેકનોલોજીના યુગમાં ટકી રહેવા માટે નવા વિચારો અને ટેકનોલોજીનો હંમેશાં સ્વીકાર કરવાનો આગ્રહ રાખો. તેની સાથે સાથે ટીમ વર્કની ભાવના અને સકારત્મક વિચારોને હંમેશાં પ્રાધાન્ય આપવા પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઈડીઆઈઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમડી તથા સીઈઓ કિશોર ખરાતે પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યું હતું. ઈડીઆઈઆઈના ડિરેકટર ડૉ. સુનિલ શુક્લાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાનમાં ચાલતા વિવિધ કોર્સની માહિતી આપી હતી. આ પ્રસંગે ઈડીઆઈઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામના ૧૦૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ-બિઝનેસ આંત્રપ્રોન્યોરશીપના ૮૫ વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ- ડેવલપમેન્ટ સ્ટડીઝના ૧૯ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પદવીદાન સમારંભમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષણવિદો, પ્રોફેશનલ્સ તથા ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩
કેપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કેપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૪
બાગી
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૫
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

નર્સિંગ કોલેજ ગાંધીનગર અને અપોલો હોસ્પિટલ્સ દ્વારા અસ્થમા જાગૃતી માટે રેલી

ગાંધીનગર, તા. ૭

વિશ્વ અસ્થમા દિવસ દર વર્ષે સમર્ગ વિશ્વમાં ૩ મેના રોજ ઊજવવામાં આવે છે. તેની પ્રતિક યાદરૂપે ગાંધીનગર જીલ્લા-ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા નર્સિંગ કોલેજ ગાંધીનગર , તેમજ અપોલો હોસ્પિટલનાં સંયોજનથી જાગૃતિ રેલી યોજવામાં આવી હતી.

આ રેલીમાં ૪૫૦ અપોલો હોસ્પિટલ્સનો સ્ટાફ અને નર્સિંગ કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે બોલતા આઈ.એમ.એ. પ્રેસ્ડિન્ટ અનીલ ચૌહાણે જણાવ્યું હતું કે વિશ્વમાં અસ્થમાના દર્દીઓની સંખ્યા ધાર્યા કરતાં અનકેગણી વધારે છે. સામાન્ય રીતે ધૂળ, ધુમાડો અને રજકણ એ અસ્થમાનાં જવાબદાર ઉત્તેજકો છે. જો વાતાવરણનું પ્રદૂષણ ઘટાડવામાં આવે અથવા દરેક વ્યકિત સામાન્ય પ્રયત્ન કરે તો આ અભિયાન સફળ થયેલું દેખાશે. નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ રવીના ક્રિશ્ચિયને જણાવ્યું હતું કે વિદ્યાર્થી કાળથી જે આ પ્રકારની જનજાગૃતિ એક દિવસ ગાંધીનગરને જરૂરથી પ્રદૂષણ મુક્ત બનાવશે.

એપોલો હોસ્પિટલ ના ડો. મનોજ સિંહે જણાવ્યું હતું કે અમે સૂત્ર સાથે અસ્થમા તરફ ચાલીએ છે. આ રેલીમાં અમારા તમામ સ્ટાફ અને અમારા મેડિકલના વિદ્યાર્થીઓ સાથે ભેગા મળીને આ રેલી આગળ વધારી છે અમે આ રેલી માધ્યમ દ્વારા અસ્થમા વિશે લોકોને શિક્ષિત કરવા માગે છે.

તપોવન સંસ્કારપીઠ

શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા ખાતે પ્રસંગોત્સવનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૫

વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ અભ્યાસરૂપે ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરતી ગાંધીનગરના અમિયાપુર ગામે આવેલ યુગપ્રધાનાચાર્ય સમ પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબ પ્રેરિત શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા - તપોવન સંસ્કારપીઠ ખાતે ઉગતી ઉષાથી આથમતી સંધ્યા સુધીના આરાધનાના અજવાળા પાથરતી સંસ્કારમય પ્રવૃત્તિઓને ઉજાગર કરતા અનેકવિધ પ્રસંગોનું ભવ્ય આયોજન તા. ૦૮-૦૫-૨૦૧૬ને રવિવારે સવારે ૯થી ૧૨ કલાકે પ્રસંગોત્સવરૂપે કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં સંસ્કૃત પાઠશાળાના લલિતભાઈ ધામી અને અમરીષભાઈ પરીખે જણાવ્યું છે કે તપોવન સંસ્કારપીઠના પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી જિતરક્ષિતવિજયજી મહારાજસાહેબ તથા સાધ્વી શ્રી મહાનંદાશ્રીજી આદિઠાણાની પાવનકારી નિશ્રામાં યોજાયેલ આ પ્રસંગોત્સવનું પ્રારંભ સંસ્થાના શ્રેષ્ઠીવર્ય શ્રી રમેશભાઈ કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી મંગળદીપ પ્રગટાવીને કરશે જ્યારે અતિથિ વિશેષ પદે એલ.ડી. ઈન્સ્ટીટ્યુટના શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ, શ્રી અરૂણભાઈ આર. શાહ, શ્રી ભાવેશભાઈ શાંતિલાલ ચિમનલાલ શેઠ (મુંબઈ) અને શ્રી ભદ્રેશભાઈ જે. શાહ ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્‌બોધન અને નૂતન તક્તીઓના અનાવરણ સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું બહુમાન કરશે.

આ પ્રસંગોત્સવમાં ૨૫ વર્ષ પહેલાં સંસ્થામાંથી અભ્યાસ કરી દીક્ષીત થયેલ વિદ્યાર્થીઓ જેમાં ૫૫ જેટલા વિદ્યાર્થીઓ સાધુ થયા છે તેમના માતા-પિતાનું બહુમાન કરવામાં આવશે તેમજ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ બહુમાન કરવામાં આવશે. આ પ્રસંગે પ્રખર સાહિત્યકાર એવં લેખિકા નીલમ જૈનનું ''તપોવન સરસ્વતી'' પુરસ્કાર આપી સન્માન કરવામાં આવશે. આ બહુમાનના લાભાર્થી તરીકે સમ્યગ્‌જ્ઞાનપ્રેમી શ્રી (Nairobee) જૈન સંઘ મુખ્યત્વે છે. આ પ્રસંગે સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ફિલિપાઇન્સ પોલિસ ઍસોસિએશન દ્વારા શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યનું સન્માન

ગાંધીનગર, તા. ૭

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર - વર્લ્ડ પીસ સેન્ટર રજત મહોત્સવ અંતર્ગત ઍસોસિએશન ઑફ ચીફ ઑફ પોલીસ, ફિલિપાઇન્સ દ્વારા શ્રી સ્વામિ-નારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીને સન્માનપત્ર પ્રદાન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન એ એવી ધાર્મિક સંસ્થા છે જેણે ડિઝાસ્ટર મેનેજમેન્ટની પહેલ આજથી ૧૬ વર્ષ પહેલાં કરી હતી. રેસ્ક્યૂ કામગીરીમાં નવયુવાનોને જોડવા ઉપરાંત દીકરીઓને સ્વબચાવ, આપત્તિમાં અન્યોને બચાવી શકે તે માટેની તાલીમ પણ સંસ્થાન દ્વારા આપવામાં આવી છે.

સંસ્થાન દ્વારા શાર્ક દેશોના પ્રતિનિધિઓને તેડાવી એક અનોખું કાર્ય પણ કરવામાં આવ્યું છે. ફિલિપાઇન્સ સરકારે તેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા સ્વામી મહારાજને ઍવોર્ડ સ્વીકારવા વિનંતી કરી હતી, જેને સંસ્થાના પ્રતિનિધિ હિતેશ પટેલે સ્વીકારી પૂ. આચાર્ય સ્વામી મહારાજને તેઓના કચ્છના વિચરણ વખતે અર્પણ કર્યો હતો.

માણસામાં સંસ્કૃત પાઠશાળા શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૭

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માણસા ખાતે મા પિલવાઈ વિઘ્નેશ્વરી ધામ (પંચદેવ મંદિર) અને આનંદીમાનો વડલો (વાનપ્રસ્થાશ્રમ)ની પવિત્ર ભૂમિ ઉપર બ્રાહ્મણ ઋષિકુમારોને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ તથા પુરાણલક્ષી શાસ્ત્રોનું જ્ઞાન અને કર્મકાંડીય પધ્ધતિથી મંત્રો તેમજ જ્યોતિષલક્ષી જ્ઞાન માટેની સંસ્કૃત પાઠશાળા ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પાઠશાળામાં વિદ્યવાન ગુરૂજનો દ્વારા ઋષિકુમારોને વૈદિક જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવશે. આથી જે વિદ્યાર્થીઓ વૈદિક જ્ઞાન પ્રાપ્ત કરવા માગતા હોય તેમના માટે રહેવા-જમવાની તેમજ શૈક્ષણિક ફી સાથે માસિક ફી રૂા. ૫૦૦ તેમજ વાર્ષિક ૬ હજારની માનદ ફીથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

રસ ધરાવનાર ઋષિકુમારોના વાલીઓને પ્રવેશ હેતુ ત્વરિત સંપર્ક કરી નામ નોંધાવવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રવેશ મેળવનાર ઋષિકુમારોએ ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલો હોવો જોઈએ અને પ્રવેશ હેતુ અજિતકુમાર વિજયકુમાર રાવલ, આનંદીમાનો વડલો, માણસા-મકાખાડ રોડ, મલાવ તળાવ પાસે, માણસા (મો. નં. ૮૧૪૧૨ ૩૯૫૫૦)નો સંપર્ક કરવા વધુમાં જણાવવામાં આવ્યું છે.

થેલેસેમિયા - યુવા પેઢીએ જાગૃત થવાની જરૂર

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

સામાન્ય લોકોમાં થેલેસેમિયા રોગ વિશે જાગૃતિ વધારવા, આ રોગ નિવારણનાં પગલાં અને તેના ફેલાવો ટાળવા માટે વર્લ્ડ થેલેસેમિયા ડે આખા વિશ્વમાં ૮ મેના રોજ દર વર્ષે ઉજવવામાં આવે છે.

થેલેસેમિયા ગ્રીક શબ્દ છે તેનો અર્થ સમુદ્ર થાય છે. ભારત જીતવા સિકદંર ભારતમાં આવ્યો. પણ આ દરમિયાન તેનું મોત થતાં તેના સૈનિકો ભારતમાં રહી ગયા. આ સૈનિકોમાં થેલેસીમિયાનો રોગ હતો. તેમણે ભારતીય સ્ત્રીઓ સાથે લગ્ન કરતા તેનો ફેલાવો થયો, આમ થેલેસીમિયા નામનો રોગ એ સદી જૂનો રોગ છે. દ. યુરોપ, ઉ. આફ્રિકાના સમુદ્ર કિનારામાં સૌપ્રથમ જોવા મળેલ થેલેસેમિયા ભારતના ગુજરાત, રાજસ્થાન અને પંજાબ જેવા રાજ્યોમાં જોવા મળે છે. સાઉદી અરેબિયા જ કુલ વસ્તીના આશરે ૧૯% આ જનીન સંબંધી રોગનું વાહક છે. ભારતમાં દર વર્ષે ૭૦૦૦ થી ૧૦,૦૦૦ બાળકો આ બીમારી સાથે જન્મે છે. રક્તકણોના કાર્યને લગતી ખામીથી થતો થેલેસેમિયા એ ''જીનેટિક ડીસીઝ'' છે. જે માતા અને પિતા તરફથી બાળકને વારસામાં મળે છે. મેડિકલ સાયન્સ તેને 'જિનેટિક બ્લડ ડિસઓર્ડર' તરીકે ઓળખે છે. રક્તકણમાં આવેલા આલ્ફાસેલ અને બીટા સેલ પૈકીનો કોઈપણ સેલ શરીરમાં પ્રોટીન બનાવવાનું બંધ કરી દે ત્યારે આ રક્તકણો કામ કરતા બંધ થઈ જાય છે. પરિણામે શરીરને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળતો નથી જેને આપણે 'એનિમિયા', 'પાંડુરોગ' કે 'લોહીની ઉણપ' તરીકે ઓળખીએ છીએ. જ્યારે શરીરમાં લોહી બનવાની ક્રિયા અવરોધાય કે અટકી જાય ત્યારે શરીરની દૈનિક ક્રિયાઓ જેવી કે ચાલવું, દોડવું, કામ કરવું, વિચારવું વગેરે પર તેની ગંભીર અસર પડે છે. જ્યારે આ રોગ ગંભીર બને ત્યારે દર્દીને ૪-૬ અઠવાડિયે લોહી ચડાવવું પડે છે. થેલેસેમિયા ના બે પ્રકાર છે: થેલેસેમિયા માઈનર અને થેલેસેમિયા મેજર. થેલેસેમિયા માઈનર દર્દી સામાન્ય રીતે તંદુરસ્ત હોય છે. જ્યારે થેલેસેમિયા મેજર એ લોહીની બીમારી છે. બાળકમાં ચારથી છ મહિના પછી દેખાતા આ રોગનાં લક્ષણોમાં શરીરમાં ફિકાશ, ભુખ ન લાગવી, હાડકાની સમસ્યાઓ, ઝડપથી શ્વાસ ચઢવો, થાક લાગવો, પેટ ફુલી જવું, બાળકની વૃધ્ધિ અને વિકાસ ઓછો થાય છે. આવા રોગીને જીવનભર લોહી, વિટામીન, ફોલિક એસીડ અને આયર્ન ચીલેટર્સ દ્વારા સારવાર આપવામાં આવે છે.

મુખ્યત્વે ત્રણ પ્રકારે આ રોગની સારવાર થાય છે : મેડિકલ ટ્રીટમેન્ટ, સર્જીકલ ટ્રીટમેન્ટ અને આધુનિક ટ્રીટમેન્ટ જેમાં બોન મેરો ટ્રાન્સપ્લેશન અને જીન થેરાપી છે. બોનમેરો ટ્રાન્સપ્લાન થી આ રોગ સંપૂણપણે મટાડી શકાય છે જે અતિ ખર્ચાળ છે. જીન્સ ટ્રાન્સપ્લાન્ટ જેવી અતિ અદ્યતન સારવાર અત્યારે સંશોધન હેઠળ છે, જેમાં દર્દીનું થેલેસેમિયા જીન્સ બદલી નોર્મલ જીન્સ થી દર્દીને સામાન્ય બનાવી શકાય છે. યુવાપેઢીએ આ બાબતે જાગૃતિ દર્શાવી મેરેજ કાઉન્સીલિંગ દરમિયાન લગ્ન પહેલા કુંડલી જોવડાવવાની સાથે સાથે લોહીની તપાસ કરાવી થેલેસેમિયા ટેસ્ટ પણ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. સગોત્ર લગ્ન ટાળવા જોઈએ. ગર્ભમાં જ બાળક ની તપાસ કરાવવી જોઈએ. એક થેલેસેમિયા માઈનર એ બીજા થેલેસેમિયા માઈનોર સાથે લગ્ન ન કરવા જોઈએ. કારણ કે તેનાથી ૨૫% સંભાવના તેમનું બાળક થેલેસેમિયા મેજર હોઈ શકે, ૫૦% સંભાવના થેલેસેમિયા માઈનોર હોઈ શકે અથવા તો ૨૫% બાળક નોર્મલ હોઈ શકે છે. પણ થેલેસેમિયા માઈનોર કોઈ નોર્મલ વ્યક્તિ સાથે લગ્ન કરી શકે છે. જો પતિ કે પત્નીમાંથી કોઈ પણ એક થેલેસેમિયા માઈનોર હોય તો ૫૦% સંભાવના છે કે તેમનું બાળક થેલેસેમિયા માઈનોર હોઈ શકે અને ૫૦% સંભાવના છે કે બાળક નોર્મલ હોઈ શકે.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે